# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Tuesday** **National News**

## આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*************************************************

- ✓ લોકસભાની ચૂંટણીના સાતમા તબક્કામાં તમામ પક્ષોનો આક્રમક ચૂંટણી પ્રચાર. - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં જાહેર સભા સંબોધી. તેઓ પશ્ચિમ બંગાળમાં રેલી કરશે.. મલ્લિકાર્જુન ખડગે પંજાબમાં જનસભા સંબોધશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર અનામતનાં નામે મત બેન્કનું રાજકારણ રમવાનો આરોપ લગાવ્યો છે.
- ✓ માનવ તસ્કરી અને સાયબર ગુનામાં ગુજરાત સહિત છ રાજ્યોમાં NIAના દરોડા. - પાંચની ધરપકડ
- ✓ ચક્વાત રેમલ નબળું પડ્યું, ઉત્તર પૂર્વમાં ભારે વરસાદની આગાહી. - આસામમાં રેડ એલર્ટ જાહેર
- ✓ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સાક્સે ચાલુ વર્ષે ભારતનો જીડીપી વધીને 6.7 ટકા રહેવાનુ અનુમાન કર્યું.

***********************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRACHAR

લોકસભાની ચૂંટણીના સાતમા અને છેલ્લા તબક્કા માટે રાજકીય પક્ષોએ પ્રચાર તેજ કરી દીધો છે.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે ઝારખંડના દુમકામાં ચૂંટણી સભાને સંબોધી હતી. તેમણે વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રધાનમંત્રી આજે પશ્ચિમ બંગાળના બારાસત અને જાદવપુર લોકસભા મતવિસ્તારમાં બે રેલીઓને સંબોધશે. શ્રી મોદી આજે સાંજે કોલકાતામાં રોડ શો પણ કરશે.

જ્યારે બીજીતરફ કોંગ્રેસના રાષ્ટ્રીય અધયક્ષ મલ્લિકાર્જૂન ખડગે પંજાબમાં બે રેલીને સંબોધશે. ભાજપના અધ્યક્ષ જે.પી.નડ્ડા આવતીકાલે દેવઘરમાં ત્રણ ચૂંટણી સભાઓને સંબોધિત કરશે, જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી 30મી મેના રોજ ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે. ભાજપના વરિષ્ઠ નેતા અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પટના સાહિબમાં ફતુહા અને દિઘામાં ત્રણ રેલીઓને સંબોધિત કરશે. તેઓ બરહારા ખાતે રેલી પણ કરવાના છે.

JD(U)ના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે નાલંદા સંસદીય મતવિસ્તારના સરમેરાથી નાગરનૌસા સુધી રોડ શો કરશે. તેઓ નાલંદા સંસદીય મતવિસ્તારના અસ્થાવનમાં જાહેર સભા પણ કરશે.

આ ઉપરાંત આરજેડી નેતા તેજસ્વી પ્રસાદ યાદવ બક્સર, સાસારામ, જહાનાબાદ અને પાટલીપુત્ર મતવિસ્તારમાં અનેક જાહેર સભાઓને સંબોધિત કરશે.

..................................

# MODI INTERVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર અનામતનાં નામે મત બેન્કનું રાજકારણ રમવાનો આરોપ લગાવ્યો છે.

એક સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિરોધ પક્ષો દ્વારા મત બેન્કનાં રાજકારણ માટે ભારતનાં બંધારણનાં મુળ ઉદ્દેશનો ભંગ કરવામાં આવી રહ્યો છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, તેઓ અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત વર્ગોને કહેવા માંગે છે કે વિરોધ પક્ષો તેમને છેતરી રહ્યા છે.

ઇડી, સીબીઆઇ અને આવકવેરા વિભાગનો ઉપયોગ પોતાની સામે થઈ રહ્યો હોવાનાં વિરોધ પક્ષનાં આક્ષેપના જવાબમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેમની સરકાર ભ્રષ્ટાચાર સામે શૂન્ય સહિષ્ણુતા ધરાવે છે.

..................................

# PM VEERSAVARKAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ કહ્યું કે માતૃભૂમિની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરનાર વીર સાવરકર હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણા સ્ત્રોત રહેશે.

..................................

# NIA-ARREST

નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીએ ગુજરાત સહિતનાં છ રાજ્યોમાં દરોડા પાડીને સંગઠિત માનવ  તસ્કરી અને સાયબર ગુનામાં સંડોવાયેલી પાંચ વ્યક્તિની ધરપકડ કરી છે.

ગઇકાલે રાત્રે છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં રાજ્ય પોલિસ સાથેની સંયુક્ત કામગીરીમાં 15 સ્થળોપર શોધ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વડોદરા, ગોપાલગંજ, દક્ષિણ-પશ્ચિમ દિલ્હી,ગુરુગ્રામ અને ચંદીગઢથી ધરપકડ કરાયેલી આ વ્યક્તિઓ યુવાનોને વિદેશોમાં નોકરીનાં ખોટાવચનો આપતાં નેટવર્કનો હિસ્સો હતા. તેઓ યુવાનોને લાઓસ અને કમ્બોડિયા જેવા સ્થળોએ મોકલીને નકલી કોલ સેન્ટર્સમાં ગેરકાનૂની પ્રવૃત્તિઓ કરવાની ફરજ પાડતા હતા. આરોપીઓ પાસેથી ડિજિટલ ઉપકરણો, પાસપોર્ટ અને નકલી નિમણુક પત્રો સહિતની સામગ્રી જપ્ત કરવામાં આવી છે.

.

....................................

# DELHI- FLIGHT

વારાણસી જતી ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બ હોવાની જાણથતાં દિલ્હી વિમાન મથકે તેનું ઈમરજન્સી  ઉતરાણ કરાયું હતું. જો કે તમામ મુસાફરોસુરક્ષિત છે અને ફ્લાઇટની તપાસ કરવામાં આવી રહી છે., એરલાઈને એક નિવેદનમાં જણાવ્યા પ્રમાણે ફ્લાઇટને દિલ્હી હવાઈ મથકે બોમ્બની ચોક્કસ ધમકી મળતાઆ નિર્ણય લેવાયો હતો. હવાઈ મથકની સુરક્ષા એજન્સીઓ દ્વારા વિમાનને દૂરસ્થ ખાડીમાં લઈજવાયુ હતું. વિમાન હાલમાં નિરીક્ષણ હેઠળછે અને તમામ સુરક્ષા તપાસો પૂર્ણ થયા પછી, તેને ટર્મિનલ વિસ્તારમાં પાછી મૂકવામાં આવશે.

..................................

# Rafah attack

ઇઝરાયેલની સેનાએ દક્ષિણ ગાઝાનાં પશ્ચિમી રફાહમાં કરેલા હૂમલામાં 45 લોકોનાં મૃત્યુ થયા છે, જેમાં 23 મહિલાઓ, બાળકો અને વૃધ્ધોનો સમાવેશ થાય છે. આ તમામ મૃતકો વિસ્થાપિતો હતા. આ હૂમલાની વિશ્વનાં અનેક દેશોએ ટીકાકરી છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ આ હૂમલા અંગે પોતાની ભૂલ સ્વીકારી છે. તેમણે જણાવ્યું કે, આ સૈનિક કાર્યવાહીનો હેતુ કોઇ વ્યક્તિને નુકસાન પહોંચાડવાનો નહતો. આ હૂમલાની તપાસ કરવામાં આવશે.

નજરે જોનારાઓનાં જણાવ્યા પ્રમાએ હવાઈ હૂમલાને કારણે વિસ્થાપિત લોકોનાં તંબુઓમાં આગ લાગી ગઈ, જેમાં 45 લોકોનાં મૃત્યુ થયા હતા. હમાસના નેતા સામી અબુ જુહરીએ તેને નરસંહાર ગણાવીને તેનાં માટે અમેરિકાને જવાબદાર ઠેરવ્યું હતું.7 ઓક્ટોબર, 2023થી શરૂ થયેલા આ યુધ્ધમાં અત્યાર સુધી 36000થી વધુ પેલેસ્ટાઇની નાગરિકોએ પોતાનાં જીવ ગુમાવ્યા છે.—

..................................

# WEATHER

ચક્રવાત રેમલ પૂર્વ-ઉત્તર-પૂર્વ તરફ આગળ વધીને આજે ધીમે ધીમે નબળુ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

ચક્રવાતની હાલની સ્થિતના પગલે આજે ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળના પૂર્વીય જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

પૂર્વોત્તર ભારતમાં પણ આવી જ સ્થિતિની સંભાવનાને કારણે રેડ એલર્ટ જાહેર કરાયું છે. શુક્રવાર સુધી કેરળ, લક્ષદ્વીપમાં ભારે વરસાદની સંભાવના છે.

દરમિયાન, હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં કેરળ અને ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં ચોમાસાની શરૂઆત થાય તેવી પ્રબળ સંભાવના દર્શાવી છે. ચોમાસુ અરબી સમુદ્રના કેટલાક ભાગો સાથે દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ મધ્ય અને ઉત્તર પૂર્વ બંગાળની ખાડીમાં આગળ વધી ચૂક્યું છે.

બીજી તરફ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશના ભાગોમાં આવતીકાલ સુધી તીવ્ર હીટવેવની સ્થિતિ ચાલુ રહેશે. આગામી બે દિવસ સુધી હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ, વિદર્ભ અને જમ્મુ ડિવિઝનમાં હીટવેવની સંભાવના છે. ગુરુવારથી થોડી રાહત મળવાની શક્યતા છે.

..................................

# WB-REMAL

પશ્ચિમ બંગાળમાં આવેલા ચક્રવાત રેમલમાં છ લોકોના મોત થયા છે. જો કે તે હવે નબળું પડી રહ્યું છે. રેમલની અસરને કારણે દક્ષિણ અને ઉત્તર 24 પરગણા જિલ્લાના દરિયાકાંઠાના મોટા ભાગના વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે અને ખેતીની જમીન અને મત્સ્યોદ્યોગમાં દરિયાનું પાણી પ્રવેશ્યું છે. લોકો સરકારી આશ્રયસ્થાનોમાંથી તેમના ઘરે પાછા ફરી રહ્યા છે.

દરમિયાન આગામી 1 જૂને કોલકાતા અને દક્ષિણ અને ઉત્તર 24 પરગણા જિલ્લામાં યોજાનારી લોકસભા ચૂંટણીના 7મા અને છેલ્લા તબક્કા માટેની ચૂંટણી પ્રચાર પ્રવૃત્તિઓ ફરી શરૂ થઈ ગઈ છે. આ તબક્કામાં રાજ્યની 9 બેઠકો પર મતદાન થશે. ઉત્તર બંગાળના કેટલાક જિલ્લાઓમાં આજે વરસાદ પડી

રહ્યો છે. આસામમાં ચક્રવાત રેમલને કારણે ભારે વરસાદ અને પવન ફુંકાતા કેટલાક જિલ્લાઓ હાઈ એલર્ટ પર છે.

ગુવાહાટી સહિત મોટાભાગના અસરગ્રસ્ત જિલ્લાઓમાં અવિરત વરસાદ અને ભારે પવનને કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. કેટલાક જિલ્લા વહીવટીતંત્રોએ સાવચેતીના પગલાં તરીકે આજે શાળાઓ બંધ કરી છે અને ઉત્તરપૂર્વ સરહદ રેલ્વેએ પણ ઘણી ટ્રેનો રદ કરી છે.

હવામાન વિભાગે આજે આસામના ગોલપારા, દિમા હસાઓ, કચર અને કરીમગંજ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપી હોવાથી રાજ્ય સરકારે સુરક્ષાના વ્યાપક પગલાં લીધાં છે. રાષ્ટ્ર અને રાજ્ય આપત્તિ નિવારણની ટીમોને તૈનાત રખાઇ છે. અને કંટ્રોલ રૂમ કાર્યરત કરાયા છે.

.................................

# GDP

ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સૅન્ચે વર્ષ 2024 માટે ભારતના GDP વૃદ્ધિનું અનુમાન વધારીને 6.7 ટકા કર્યું છે. બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના આંકડામાં જણાવાયું છે કે, તે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા તરફથી બમ્પર ડિવિડન્ડ ટ્રાન્સફરને કારણે વધારાની નાણાકીય જોગવાઇ સાથે સતત વૃદ્ધિની અપેક્ષા રાખે છે.

ફાઇનાન્શિયલ કંપનીએ જણાવ્યું હતું કે ભારતમાં વૃદ્ધિની ગતિ મજબૂતછે અને એપ્રિલ-જૂનમાં ફુગાવો તળિયે જવાની ધારણા છે. આ અહેવાલ એવા દિવસે પણ આવ્યો જ્યારે IMD એ આ વર્ષે સરેરાશ કરતા વધુ ચોમાસાના

વરસાદની આગાહી કરી હતી જે કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદનને વેગ આપશે તેવી અપેક્ષા છે

..................................

# PAPUA NEW GUINEA- LANDSLIDE

પાપુઆ ન્યૂ ગિનીમાં શુક્રવારે થયેલા પ્રચંડ ભૂસ્ખલનમાં આશરે બે હજાર લોકો દટાઈગયા હોવાનું માનવામાં આવે છે. રાષ્ટ્રીય આપત્તિ કેન્દ્રએ સંયુક્ત રાષ્ટ્રને જાનહાનિનો નવો આંકડો આપ્યો હતો, જે અગાઉનાં અંદાજની સરખામણીમાં અનેક ગણો વધુ છે. બચાવકર્તાઓ અંતરિયાળ વિસ્તારોમાં મૃતકોને શોધવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. અહીં સુધી ભારે ઉપકરણો અને રાહત સામગ્રી પહોંચાડવામાં અડચણો આવી રહી છે.

આ વિસ્તારમાંસતત પથ્થર પડી રહ્યા હોવાથી અને જમીન પર સતત દબાણ વધી રહ્યું હોવાથી જોખમ વધીરહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ પાપુઆ ન્યુ ગિનીમાં વિનાશક ભૂસ્ખલનથી થયેલી જાનહાનિ અને નુકસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ અસરગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી છે ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે ભારત તમામ શક્ય સહાય આપવા તૈયાર છે.

..................................